### સ્માર્ટ સિટીના દાવા વચ્ચે બ્રિજ પરથી સતત પાણી ટપકતાં અકસ્માતનો ભય, તંત્રની કામગીરી સામે શંકા

# કરોડોના અટલ બ્રિજ પર 'ધોધ'! ટપકતા પાણીથી વાહનચાલકોને સ્લીપ થવાનો જોખમ

**ડ્રેનેજ** વ્યવસ્થામાં ખામી કે જાળવણીનો અભાવ? વાહનચાલકોએ તાત્કાલિક સમારકામની કરી માંગ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૬

એક તરફ તંત્ર શહેરને 'સ્માર્ટ સિટી' બનાવવાની ડંફાશો મારી રહ્યું છે, તો બીજી તરફ કરોડો રૂપિયાના ખર્ચે બનેલા અટલ બ્રિજ પરથી જાણે કુદરતી ધોધ વહેતો હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. બ્રિજના ઉપરના ભાગેથી સતત ટપકતા અને ધોધની જેમ પડતા પાણીને કારણે વાહનચાલકો માટે આ માર્ગ હવે 'ડેન્જર ઝોન' બની ગયો છે. એક તરફ પ્રશાસનની લાપરવાહી અને બીજી તરફ જીવના જોખમે પસાર થતા વાહનચાલકો. આ છે વડોદરાના વિકાસનું અસલી ચિત્ર.

સૌથી મોટો સવાલ એ છે કે જે બ્રિજનું નિર્માણ ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે કરવામાં આવ્યું હતું, તે આજે વાહનચાલકો માટે માથાનો દુખાવો કેમ બની ગયો છે? પાલિકાએ કદાચ રસ્તા પર પણ 'વોટર રાઈડ'ની મજા માણવાનો પ્લાન બનાવ્યો હોય તેમ લાગે છે. અટલ બ્રિજ પરથી વહેતા આ પાણીના ધોધને જોઈને રાહદારીઓ કટાક્ષ કરી રહ્યા છે કે, પાલિકાએ આ બ્રિજ બનાવ્યો છે કે પછી કોઈ નવો વોટરફોલ પોઈન્ટ?

બ્રિજની ઉપરથી નીચે પડતા પાણીને કારણે નીચેથી પસાર થતા ટુ-વ્હીલર ચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ પાણીના સતત પ્રવાહને લીધે રસ્તા પર લપસણી સપાટી સર્જાય છે, જેના કારણે દ્વિચક્ર વાહનચાલકો માટે અકસ્માતનો ખતરો સતત તોળાઈ રહ્યો છે. ખાસ કરીને વહેલી સવારે અને મોડી રાત્રે, જ્યારે દ્રશ્યતા ઓછી હોય છે, ત્યારે આ પાણીના ધોધથી અજાણ વાહનચાલકો ગંભીર અકસ્માતનો ભોગ બની શકે છે. શું પાલિકા કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈને બેઠી છે?



પ્રજાના ટેક્સના કરોડો રૂપિયાના ખર્ચે ઉભી કરાયેલી સુવિધાઓનું આ રીતે ધોવાણ થવું તે તંત્રની પોલ ખોલે છે. બ્રિજના નિર્માણમાં વપરાયેલી સામગ્રી કે ડ્રેનેજ સિસ્ટમમાં રહેલી ક્ષતિઓ આજે આ રીતે પાણી બનીને બહાર આવી રહી છે. ઈજનેરોની દેખરેખ ક્યાં હતી? અને જો આ ક્ષતિ હતી, તો તેને રિપેર કરવાને બદલે તંત્ર 'મૌન વ્રત' લઈને કેમ બેઠું છે?

વડોદરાવાસીઓને હવે અટલ બ્રિજ પરથી પસાર થતી વખતે વરસાદી પાણીથી બચવા માટે રેઈનકોટની નહીં, પણ પાલિકાના અધિકારીઓની કાર્યક્ષમતાની જરૂર છે. તંત્ર વહેલી તકે આ 'પ્રેમથી ટપકતા' ધોધને રોકે, તે જ વાહનચાલકોના હિતમાં છે. નહીંતર, આવનારા સમયમાં આ બ્રિજનું નામ બદલીને 'પાલિકાનો ધોધ' રાખવો પડશે તો નવાઈ નહીં.

### ખોરાક અને સારવારનો ખર્ચ રોટરી ક્લબ ઉઠાવશે

# રોટરી ક્લબની ૧૧ શાખાએ સયાજીબાગના ૧૬ પક્ષીઘર અને ૩૬ પક્ષીઓને લીધા દત્તક

**મૂંગા** જીવોના સંરક્ષણ માટેની પહેલને કોર્પોરેશને બિરદાવી, સમાજને આપ્યો સકારાત્મક સંદેશ



(પ્રતિનિધિ) વડોદરા

સંસ્કારી નગરી વડોદરામાં સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ માટે જાણીતી રોટરી ક્લબે પર્યાવરણ અને મૂંગા જીવો પ્રત્યેની સંવેદના વ્યક્ત કરતી અનોખી પહેલ કરી છે. શહેરના ઐતિહાસિક સયાજીબાગ પ્રાણીસંગ્રહાલય ખાતે રોટરી ક્લબની 11 શાખાઓએ મળીને 36 પક્ષીઓને દત્તક લેવાનો નિર્ણય કર્યો છે.

મળતી માહિતી મુજબ, રોટરી ક્લબની વિવિધ શાખાઓએ પ્રાણીસંગ્રહાલયના 16 પક્ષીઘર અને તેમાં રહેલા 36 પક્ષીઓને દત્તક લીધા છે. આગામી એક વર્ષ દરમિયાન આ તમામ પક્ષીઓના નિભાવ, પૌષ્ટિક આહાર, તબીબી સારવાર અને દેખરેખનો સંપૂર્ણ ખર્ચ રોટરી ક્લબ દ્વારા ઉઠાવવામાં આવશે. વડોદરા મહાનગરપાલિકાના સહયોગથી છેલ્લા ત્રણ વર્ષથી આ અભિયાન સફળતાપૂર્વક ચાલી રહ્યું છે.

દત્તક લેવામાં આવેલા પક્ષીઓમાં દુર્લભ પ્રજાતિઓ તેમજ મોર કુળના આકર્ષક પક્ષીઓનો સમાવેશ થાય છે. રંગબેરંગી દેખાવ ધરાવતા આ પક્ષીઓ પ્રાણીસંગ્રહાલયમાં આવતા બાળકો અને મુલાકાતીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર છે. ક્લબના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, વન્યજીવોના સંરક્ષણમાં સહભાગી બનવાની તક સંસ્થા માટે ગૌરવની બાબત છે.

આ સેવાકીય પહેલને વડોદરા મહાનગરપાલિકાએ પણ બિરદાવી છે. કોર્પોરેશનના સત્તાધિકારીઓએ રોટરી ક્લબના સભ્યોનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, સામાજિક સંસ્થાઓ વહીવટી તંત્ર સાથે મળીને વન્યજીવોના સંરક્ષણ માટે આગળ આવે ત્યારે સમાજમાં સકારાત્મક સંદેશ પ્રસરે છે.

# ઈન્સ્પાયર એવોર્ડ માનક યોજના માટે ૧૫ સપ્ટેમ્બર સુધી શાળાઓને નોંધણી-નોમિનેશનની સૂચના

**ધોરણ** 6થી 10ના વિદ્યાર્થીઓના નવતર સાયન્સ પ્રોજેક્ટ માટે પસંદગી પામનારને મળશે રૂ.10 હજારની સહાય

**દરેક** શાળા પાંચ આઈડિયા મોકલી શકશે, ઓનલાઈન નોંધણી સાથે UDISE કોડ અપડેટ કરવો ફરજિયાત

(પ્રતિનિધિ) વડોદરા તા.16

ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા સ્ટાર્ટઅપ ઈન્ડિયા અંતર્ગત અમલમાં મૂકાયેલી **ઈન્સ્પાયર એવોર્ડ માનક યોજના** માટે વડોદરા જિલ્લાના તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને 15 સપ્ટેમ્બર, 2026 સુધી ઓનલાઈન નોંધણી અને નોમિનેશન પૂર્ણ કરવાની સૂચના આપવામાં આવી છે. યોજના હેઠળ ધોરણ 6થી 10ના વિદ્યાર્થીઓના નવતર વૈજ્ઞાનિક વિચારો અને પ્રોજેક્ટ માટે પસંદગી પામનારને રૂ.10 હજારની સહાય આપવામાં આવે છે.

શાળાઓએ સત્તાવાર વેબસાઈટ પર નોંધણી કરી વિદ્યાર્થીઓના રોજિંદી સમસ્યાઓના ઈનોવેટિવ ઉકેલ અંગે 100થી 150 શબ્દોનું વર્ણન અંગ્રેજી અથવા ગુજરાતીમાં અપલોડ કરવાનું રહેશે. સાથે વિદ્યાર્થીની બેંક વિગતો તથા જરૂરી દસ્તાવેજો પણ અપલોડ કરવાના રહેશે. અગાઉ નોંધાયેલી શાળાઓએ જૂના લોગિનથી જ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

દરેક શાળા વધુમાં વધુ પાંચ આઈડિયા મોકલી શકશે તેમજ નોંધણી અપડેટ માટે UDISE કોડ ઉમેરવો ફરજિયાત રહેશે. જિલ્લા શિક્ષણ તંત્રે સંકુલ આચાર્યો અને BRC કો-ઓર્ડિનેટરોને તમામ શાળાઓમાં મહત્તમ નોંધણી સુનિશ્ચિત કરવા સૂચના આપી છે. વધુ માહિતી માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરાનો સંપર્ક કરવા જણાવાયું છે.

# ૮૦૦ કરોડના રોકાણ સાથે સપ્ટેમ્બરમાં એલ્યુમિનિયમ FRP પ્લાન્ટ થશે કાર્યરત

વડોદરા: શ્યામ મેટાલિક્સ એન્ડ એનર્જી લિમિટેડની સ્ટેપ-ડાઉન સબસિડિયરી **SMEL સ્ટીલ સ્ટ્રક્ચરલ પ્રાઈવેટ લિમિટેડ** ઓડિશાના સંબલપુર ખાતે 18,000 ટન વાર્ષિક ક્ષમતા ધરાવતા એલ્યુમિનિયમ ફોઈલ પ્લાન્ટમાં વ્યાવસાયિક ઉત્પાદન શરૂ કર્યું છે. કંપની એલ્યુમિનિયમ ફોઈલ અને ફ્લેટ રોલ્ડ પ્રોડક્ટ્સ (FRP) પ્રોજેક્ટ માટે કુલ રૂ.800 કરોડનું રોકાણ કરી રહી છે.

60,000 ટન ક્ષમતાવાળો એલ્યુમિનિયમ FRP પ્લાન્ટ પણ અંતિમ તબક્કામાં છે અને સપ્ટેમ્બર 2026ના અંત સુધીમાં કાર્યરત થવાની શક્યતા છે. કંપનીના જણાવ્યા મુજબ આ પ્રોજેક્ટ્સથી ઉચ્ચ મૂલ્યવર્ધિત એલ્યુમિનિયમ ઉત્પાદનોના ઉત્પાદનને વેગ મળશે તેમજ ઓપરેટિંગ માર્જિનમાં 40થી 50 ટકા સુધી વધારો અને આવકમાં 2થી 2.5 ગણો વધારો થવાની સંભાવના છે. આ પ્રોજેક્ટ સ્થાનિક માંગ પૂરી કરવા, આયાત પરની નિર્ભરતા ઘટાડવા અને 'મેક ઈન ઈન્ડિયા' તથા 'આત્મનિર્ભર ભારત' અભિયાનને પણ મજબૂત બનાવશે.

### CS, CMA અને નોકરી કરતા વિદ્યાર્થીઓ માટે હાજરીમાં છૂટ

# MSUમાં ૭૫% હાજરીના નિયમમાં રાહત અને લેક્ચરની છૂટની માંગ

**દૂરથી** આવતા વિદ્યાર્થીઓને કોઈપણ બિલ્ડિંગમાં લેક્ચરની પરવાનગી આપવા માંગ



(પ્રતિનિધિ) વડોદરા, તા.16

એમ.એસ.યુનિવર્સિટીના વિદ્યાર્થી નેતા નિખિલ સોલંકીએ આજરોજ એમએસયુની હેડ ઓફિસ ખાતે રજિસ્ટ્રારને લેખિત રજૂઆત કરી હતી. રજૂઆતમાં તેમણે કોમર્સ ફેકલ્ટીમાં હાજરીના નિયમ અને લેક્ચરની વ્યવસ્થાને લઈને વિદ્યાર્થીઓ સામેના પ્રશ્નો રજૂ કર્યા હતા.

વિદ્યાર્થી આગેવાન નિખિલ સોલંકીએ રજૂઆતમાં બે મુખ્ય માંગ કરી છે. જેમાં સીએસ, સીએમએનો અભ્યાસ કરતા અથવા આર્થિક કારણોસર નોકરી કરતા વિદ્યાર્થીઓને 75% હાજરીના નિયમમાં રાહત આપવામાં આવે. તેમણે જણાવ્યું કે ઘણા વિદ્યાર્થીઓ મજબૂરીના કારણે નોકરી કરે છે અને તેમનું શૈક્ષણિક હિત જળવાય તે માટે આ નિર્ણય જરૂરી છે. દૂર ગામથી આવતા વિદ્યાર્થીઓને કોમર્સ ફેકલ્ટીની ચાર બિલ્ડિંગ - મેઈન, યુનિટ, ગર્લ્સ અને પાદરામાંથી કોઈપણ એક બિલ્ડિંગમાં લેક્ચર એટેન્ડ કરવાની છૂટ આપવામાં આવે. પાદરા બિલ્ડિંગ દૂર પડતી હોવાથી વિદ્યાર્થીઓને મુશ્કેલી પડી રહી છે. તેઓએ આક્ષેપ કર્યો કે, હાલ કોમર્સ ફેકલ્ટીમાં હાજરીના મુદ્દે વિદ્યાર્થીઓને માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો છે. ડીનની ધમકીઓના ડરથી વિદ્યાર્થીઓ શિક્ષણ માટે નહીં પરંતુ ફરજિયાતપણે કોલેજ આવી રહ્યા છે. લેક્ચરમાં શિક્ષકો ભણાવવા કરતા હાજરી પૂરવા પર વધારે ધ્યાન આપી રહ્યા છે. એકવાર સહી લીધા બાદ ફરી નામ બોલીને અને માથા ગણીને ચેકિંગ કરવામાં આવે છે જેથી કોઈ વધારે સહી ન કરી દે. આના કારણે હાજરીને પ્રાથમિકતા અને શિક્ષણને ગૌણ ગણવામાં આવી રહ્યું છે જે યોગ્ય નથી એમ નિખિલ સોલંકીએ જણાવ્યું હતું.

# નવરચના યુનિ.માં ૩૬ કલાકીય ઈન્ડો-ફ્રેન્ચ AI હેકાથોન 'TetraTHON ૨૦૨૬' યોજાશે

**ભારત-ફ્રાન્સના** ૨૫૦થી વધુ ઇનોવેટર્સ ૩૬ કલાકમાં વિકસાવશે AI આધારિત ઉકેલો

(પ્રતિનિધિ) વડોદરા તા.16

નવરચના યુનિવર્સિટીની નવરચના ઈનોવેશન ફાઉન્ડેશન (NIF) દ્વારા ઈન્ડિયાAI મિશન અંતર્ગત TetraTHON 2026 નામની 36 કલાકીય ઈન્ડો-ફ્રેન્ચ AI ઈનોવેશન સ્પ્રિન્ટનું આયોજન 31 જુલાઈથી 2 ઑગસ્ટ દરમિયાન કરવામાં આવ્યું છે. આ હેકાથોનમાં ભારત અને ફ્રાન્સની આશરે 40 ટીમોના 250થી વધુ વિદ્યાર્થીઓ, સંશોધકો અને ટેક્નોલોજી નિષ્ણાતો ભાગ લેશે. ફ્રાન્સની ISEN Mditerrane સંસ્થાના વિદ્યાર્થીઓ ઓનલાઈન જોડાશે.

"AI for Inclusive Growth and Scalable Impact" થીમ હેઠળ યોજાનારી સ્પર્ધામાં HealthTech, FinTech, AgriTech અને EdTech ક્ષેત્રોની વાસ્તવિક સમસ્યાઓ માટે AI આધારિત ઉકેલો વિકસાવવામાં આવશે. પ્રતિભાગીઓને ઉદ્યોગ નિષ્ણાતો અને શૈક્ષણિક માર્ગદર્શકોનું માર્ગદર્શન મળશે અને 36 કલાકમાં કાર્યક્ષમ AI પ્રોટોટાઈપ તૈયાર કરવાનો પડકાર રહેશે.

સ્પર્ધામાં કુલ 1.75 લાખના ઈનામો જાહેર કરવામાં આવ્યા છે. પસંદગી પામેલા પ્રોજેક્ટ્સને નવરચના ઈનોવેશન ફાઉન્ડેશન દ્વારા મેન્ટરશિપ અને ઈન્ક્યુબેશનની સાથે SSIP, House of Starts અને MSME Incubation Scheme જેવા ઈકોસિસ્ટમ ભાગીદારો મારફતે આગળ વધવાની તક મળશે.

NIFના હેડ તોષા શુક્લાએ જણાવ્યું કે TetraTHON 2026 ભારત અને ફ્રાન્સના યુવા ઈનોવેટર્સને એક મંચ પર લાવી સમાજને ઉપયોગી AI સોલ્યુશન્સ વિકસાવવાની અનોખી તક પૂરી પાડશે. નોંધણી હાલમાં ખુલ્લી છે.

### રથયાત્રા સમાપ્તિ બાદ અખિલ ભારતીય વિદ્યાર્થી સંઘના યુવાનોએ રસ્તાઓ પરથી કચરો સાફ કરી આપ્યો સ્વચ્છતાનો સંદેશ



■ રથયાત્રા પૂર્ણ થયા બાદ યુવાનોએ હાથમાં ઝાડૂ અને કચરાની થેલીઓ લઈને સમગ્ર માર્ગ પર સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું હતું. તેમણે પ્લાસ્ટિક, કાગળ, પાણીની બોટલો સહિતનો કચરો એકત્ર કરી યોગ્ય સ્થળે નિકાલ કર્યો હતો. આ પહેલ દ્વારા યુવાનોએ માત્ર સ્વચ્છતાનો સંદેશ જ નહીં, પરંતુ જવાબદાર નાગરિક તરીકે જાહેર સ્થળોની જાળવણી કરવાની ફરજ પણ યાદ અપાવી હતી. લાખો ભાવિકોની અવરજવર બાદ સર્જાયેલા કચરાને દૂર કરવા તેમની નિ:સ્વાર્થ સેવાએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. સ્થાનિક નાગરિકોએ યુવાનોના આ સેવાભાવને બિરદાવી વધુ લોકો આવા સામાજિક અને સ્વચ્છતા અભિયાનોમાં જોડાય તેવી આશા વ્યક્ત કરી હતી.

### રાજ્યના ટોપ ૫૦ MSMEsને મળશે રાષ્ટ્રીય ઓળખનું મંચ

# ઈન્ડિયા SME ફોરમે શરૂ કર્યું પ્રથમ રાજ્ય સ્તરીય MSME સન્માન અને વિકાસ પ્લેટફોર્મ

**પસંદગી** પામેલી સંસ્થાઓને ઇન્ડિયા SME 100 એવોર્ડ્સ માટે આપમેળે નોમિનેશન

(પ્રતિનિધિ) વડોદરા તા.16

ઈન્ડિયા SME ફોરમે તેની પ્રતિષ્ઠિત ઈન્ડિયા SME 100 એવોર્ડ્સની સફળ પરંપરાને આગળ વધારતાં *'ટોપ 50 SMEs ઑફ ગુજરાત'*ની જાહેરાત કરી છે. દેશનું આ પ્રથમ રાજ્યસ્તરીય MSME સન્માન અને વિકાસ પ્લેટફોર્મ ગુજરાતના શ્રેષ્ઠ માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝિસ (MSMEs)ને ઓળખ, સન્માન અને વિકાસની નવી તકો પૂરી પાડશે.

ગુજરાતને તેની મજબૂત ઉદ્યોગસાહસિક પરંપરા, ઉત્પાદન ક્ષમતા અને નિકાસલક્ષી અભિગમને ધ્યાનમાં રાખીને પ્રથમ રાજ્ય તરીકે પસંદ કરવામાં આવ્યું છે. કાર્યક્રમ હેઠળ ઉત્પાદન, સેવા અને વેપાર ક્ષેત્રની નવીનતા, ટેક્નોલોજી અપનાવવી, રોજગારીનું સર્જન, નિકાસ અને બિઝનેસ શ્રેષ્ઠતા જેવા માપદંડોના આધારે ટોચની 50 સંસ્થાઓની પસંદગી કરવામાં આવશે.

પસંદ થયેલી તમામ સંસ્થાઓને પાત્રતા મુજબ ઈન્ડિયા SME 100 એવોર્ડ્સ માટે આપમેળે નોમિનેશન મળશે. ઉપરાંત તેમને રોકાણકારો, બેંકો, ટેક્નોલોજી કંપનીઓ, નિકાસ પ્રોત્સાહન સંસ્થાઓ અને આંતરરાષ્ટ્રીય ભાગીદારો સાથે જોડાવાની તક પણ મળશે.

ઈન્ડિયા SME ફોરમના પ્રમુખ વિનોદ કુમારે જણાવ્યું કે આ પહેલ માત્ર એવોર્ડ નહીં, પરંતુ MSMEsને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટેનું વિકાસ પ્લેટફોર્મ છે. અરજીઓ હવે ખુલ્લી મુકવામાં આવી છે અને ગુજરાતના તમામ પાત્ર MSMEsને તેમાં જોડાવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

### નોલેજ શેરિંગ પાર્ટનરશીપ હેઠળ યોજાયો કાર્યક્રમ

# MSUના પત્રકારત્વના વિદ્યાર્થીઓને માહિતી વિભાગની કામગીરી અંગે માર્ગદર્શન

**મુખ્યમંત્રી** ફેલોશીપ સહિત વિવિધ યોજનાઓના પ્રચાર અંગે ચર્ચા



(પ્રતિનિધિ) વડોદરા તા.16

રાજ્ય સરકારના અધિક માહિતી નિયામક ડો. સંજય કચોટે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ જર્નાલિઝમ એન્ડ કોમ્યુનિકેશનના વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધી માહિતી અને પ્રસારણ ક્ષેત્રમાં માહિતી વિભાગની પોલિસી કોમ્યુનિકેશનની કામગીરી અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે લોકકેન્દ્રિત શાસનમાં અસરકારક સંવાદનું મહત્વ સમજાવતાં સરકારની જનકલ્યાણકારી યોજનાઓને વિશ્વસનીય રીતે લોકો સુધી પહોંચાડવામાં માહિતી વિભાગની ભૂમિકા અંગે માહિતી આપી હતી.

ડો. કચોટે ભારતીય પત્રકારત્વના વિકાસક્રમથી લઈને આજની કન્ટેન્ટ અને ક્રિએટર ઈકોનોમી સુધીના પરિવર્તનો પર પ્રકાશ પાડ્યો હતો. પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક અને ડિજિટલ મીડિયાના બદલાતા સ્વરૂપ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના યુગમાં ઉભી થયેલી નવી તકો તેમજ પત્રકારત્વના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ કારકિર્દીના વિવિધ વિકલ્પો અંગે તેમણે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

પ્રસંગે તેમણે ફેકલ્ટીના ડીન અવની મણિયાર અને પ્રોફેસર પ્રતિભા મોઈત્રા સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. બેઠક દરમિયાન મુખ્યમંત્રી ફેલોશીપ સહિત રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના પ્રચાર-પ્રસાર, શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકલન અને યુવા પેઢાની ભાગીદારી જેવા મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. સંયુક્ત માહિતી નિયામક હેતલ દવે પણ ઉપસ્થિત રહ્યા હતા.

વડોદરા મુલાકાત દરમિયાન ડો. કચોટે માહિતી વિભાગની કચેરીની કામગીરીની સમીક્ષા કરી તેમજ અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું. અષાઢી બીજ નિમિત્તે પત્રકારમિત્રો દ્વારા આયોજિત ભગવાન શ્રી સત્યનારાયણની કથામાં પણ તેઓ ઉપસ્થિત રહ્યા હતા.

### દેરોલ ગામ નજીક પેટ્રોલ પંપ પાસે બાતમીના આધારે કાર્યવાહી

# ઈનોવા કારમાંથી ૨.૭૦ લાખનો વિદેશી દારૂ જપ્ત, એક ઝડપાયો અને બે વોન્ટેડ

(પ્રતિનિધિ) ભરૂચ, તા.16

ભરૂચ LCB પોલીસે વાગરા તાલુકાના દેરોલ ગામ નજીક જીયો પેટ્રોલ પંપ સામેથી એક ઈનોવા કારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બીયરના 1164 ટીન કિંમત રૂ.2,70,936/- મુદ્દામાલ કબજે કર્યો હતો.

ભરૂચ LCBની ટીમ ભરૂચ-જંબુસર રોડ પર પેટ્રોલિંગ કરી રહી હતી, ત્યારે બાતમી મળી કે સિલ્વર રંગની ઈનોવા કાર (નં. GJ 16 AJ 3334) માં દારૂનો જથ્થો ભરીને દેરોલથી વાગરા તરફ જઈ રહી છે. ટીમે તાત્કાલિક કારને ગંધાર રોડ પર આવેલ પેટ્રોલ પંપ સામે ઘેરી લીધી. વાહનની તપાસ કરતાં ડ્રાઈવર ઈમરાન મહમદ પટેલ (રહે. રહાડ ગામ, ઘંટી ફળિયુ, તા.વાગરા) ડ્રાઈવિંગ સીટ પર બેઠા હતા.જેની પાસેથી વિદેશી દારૂની બોટલો અને બીયરના ટીન જપ્ત કરવામાં આવ્યા.



પોલીસે ઈમરાન સામે વાગરા પોલીસ મથકમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. કેસમાં બે અન્ય શખ્સો - મુકેશ મારવાડી (અંકલેશ્વર, મૂળ રહે- કીમજી-સુરત) અને મહેન્દ્ર ઠાકોર (અનોર, તા.આમોદ) -ને વોન્ટેડ જાહેર કર્યા છે.પોલીસે વિદેશી દારુ રૂ.2,70,936/-,ઈનોવા કાર રૂ.5 લાખ,એક મોબાઈલ રૂ.10000 મળીને કુલ રૂ.7,80,936/-નો મુદ્દામાલ કબજે કર્યો હતોવાગરા પોલીસમાં ત્રણેય આરોપી સામે પ્રોહીબીશનનો ગુનો નોંધીને વધુ કાર્યવાહી કરી છે.

# 'વંદે ભારતમ્' નાટકથી ગુંજી ઊઠ્યું સીસી મહેતા ઓડિટોરિયમ

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

વડોદરા સંસ્કૃતિ મંત્રાલય અને સંગીત નાટક અકાદમીના આયોજન હેઠળ મહાકવિ કાલિદાસ જયંતી અને 'વંદે માતરમ્'ના 150 વર્ષની ઉજવણીના ભાગરૂપે સી.સી. મહેતા ઓડિટોરિયમ ખાતે ભવ્ય મલ્ટીમીડિયા નાટક વંદે ભારતમ્" ભજવાયું હતું.

એમએસયુના ડિપાર્ટમેન્ટ ઓફ ડ્રામેટિક્સ અને સંગીત નાટક અકાદમીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ નાટકમાં 75 જેટલા કલાકારોએ માત્ર 7 દિવસની અથાક મહેનતથી પ્રસ્તુતિ આપી હતી. નાટક સાથે ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સના નૃત્ય, ગાયન અને વાદ્ય વિભાગના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો. નાટકમાં વંદે માતરમ્'ની સફર સાથે ભારત છોડો આંદોલન, વિનોદ કિનારીવાલાનું બલિદાન, પાલચિતરિયાનો ગોળીબાર, બિરસા મુંડાનો સંઘર્ષ અને ભગતસિંહની નિર્ભીકતા જેવા ઐતિહાસિક પ્રસંગો



જીવંત કરાયા હતા. 1905માં વડોદરામાં જ અરવિંદ ઘોષે વંદે માતરમ્'નું પ્રથમ અંગ્રેજી ભાષાંતર કર્યું હોવાનો ઉલ્લેખ પણ ખાસ આકર્ષણ બન્યો હતો. નાટક દરમિયાન ઓડિટોરિયમ વંદે માતરમના નારાઓ અને તાળીઓથી ગુંજી ઊઠ્યું હતું. અંતે પ્રેક્ષકોએ ઊભા થઈને સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું હતું. ડો. દર્શન પુરોહિત અને પ્રો. ડો. અજય અષ્ટપુત્રેએ આ પ્રયાસને મહાકવિ કાલિદાસ અને સ્વાતંત્ર્ય સંગ્રામના શહીદોને સાચી શ્રદ્ધાંજલિ ગણાવ્યો હતો.

### CCTV, ટેક્નિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે કાર્યવાહી

# 'સિકલીગર ગેંગ' ઝડપાઈ, ભૂંડ શિકારના આડમાં ચોરીનું નેટવર્કનો પર્દાફાશ

**ચોરીમાં** વપરાયેલી બાઇક અને મોબાઇલ સહિત રૂ.૫૬ હજારનો મુદ્દામાલ જપ્ત, એક સગીર આરોપી હજુ ફરાર

(પ્રતિનિધિ) ભરૂચ, તા.16

ભરૂચ જિલ્લા પોલીસની લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)એ ઉમલ્લા અને વેલુગામ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ઘરફોડ ચોરીને અંજામ આપતી કુખ્યાત 'સિકલીગર ગેંગ'ના બે આરોપીઓને સુરતથી ઝડપી મોટી સફળતા મેળવી છે. જ્યારે ટોળકીનો એક સગીર સભ્ય હજુ ફરાર હોવાથી તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

જાન્યુઆરીથી એપ્રિલ 2026 દરમિયાન ઉમલ્લા પોલીસ મથક વિસ્તારમાં થયેલી ઘરફોડ ચોરીના ગુનાઓની તપાસ LCBને સોંપવામાં




આવી હતી. પોલીસે CCTV ફૂટેજ, ટેક્નિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ આગળ વધારતા ગેંગની સંડોવણી બહાર આવી હતી.

અષાઢી બીજની રથયાત્રા દરમિયાન પેટ્રોલિંગમાં રહેલા પોલીસ સબ-ઈન્સ્પેક્ટર એ.વી. શિયાળીયાને મળેલી ચોક્કસ બાતમીના આધારે સુરતમાં દરોડો પાડી રાજવીરસિંગ ઉર્ફે સલીંદરસિંગ રાજાસિંગ સિકલીગર (રાજપીપળા) અને ક્રિશ્નાસિંગ શેરુસિંગ સરદાર (સુરત)ને ઝડપી લેવામાં આવ્યા હતા.

પૂછપરછ દરમિયાન આરોપીઓએ કબૂલ્યું હતું કે અગાઉ તેઓ ભૂંડ પકડવાનો ધંધો કરતા હતા, પરંતુ આવક ન મળતાં છેલ્લા પાંચ મહિનાથી બંધ મકાનોને નિશાન બનાવી ઘરફોડ ચોરી શરૂ કરી હતી. બંને આરોપીઓએ ઉમલ્લા પોલીસ મથકના ત્રણ તેમજ રાજપીપળાના એક સહિત કુલ ચાર ગુનાઓ કબૂલ્યા છે. રાજવીર રાજપીપળા પોલીસ મથકમાં પણ વોન્ટેડ હોવાનું સામે આવ્યું છે.

પોલીસે આરોપીઓ પાસેથી ચોરીમાં વપરાયેલી યામાહા FZ મોટરસાઈકલ અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.56 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. બંને આરોપીઓને કાયદેસરની કાર્યવાહી માટે ભરૂચ 'બી' ડિવિઝન પોલીસને સોંપવામાં આવશે, જ્યારે ફરાર આરોપીને ઝડપી પાડવા પોલીસે તપાસ તેજ કરી છે.